જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૭/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૭૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૪	૧	૧૧૬૩૫	૧૭૭૪૫	૧	૧૭૭૪૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૨	૦	૧૦૨	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૬૧૮૮	૧૩૯	૬૬૩૨૭	૬૬૯૦૪	૧૩૮	૬૭૦૪૨
કુલ		૮૨૬૫૬	૧૪૦	૮૨૭૯૬	૯૧૨૬૮	૧૩૯	૯૧૪૦૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૭	૩,૪૫,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૭૩	૧૪,૭૩,૦૦૦/-

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગ અનુસંધાને અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી પ્રોહી/જુગારની પ્રવૃતીઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે પો.ઇન્સ.સા.શ્રી ડી.વી. તડવી સાહેબની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી એન.પી.ગરાસીયા સા.નાઓની સુચના અન્વયે અ.હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ તથા અ.પો.કો. કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા અ.પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા અ.હેડ.કોન્સ.ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮ તથા પો.કો.એઝાઝહુસેન સાબીરભાઇ બ.નં.૬૪૮ તથા વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના અ.પો.કો. કમલેશકુમાર હસમુખલાલ તથા અ.પો.કો.વજાભાઇ દેહુરભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે બાતમીવાળી જગ્યાએથી આરોપી નં (૧) સરફરાઝ ઉર્ફે સહેજાદ યુનુસભાઇ મનસુરી ઉ.વ.૧૯ રહે : નુરનગર સોઢણ તલાવડી બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર તથા નં.(૨) શાહબાઝખાન સાજીદખાન પઠાણ ઉ.વ.૧૯ રહે : સદર નાઓને ભારતીય બનાવટનો વિદેશી દારૂ McDowells No1 SUPERIOR WHISKY બ્રાન્ડની સીલબંધ બોટલો નંગ-૮૪ કિ,રૂ,૪૨,૦૦૦/- તથા (૧) સુઝુકી એકસેસ નં.જીજે.૨૭.ડી.ઇ.૬૩૫૨ તથા (૨) સુઝુકી એકસેસ જીજે.૨૭.સી.ઇ.૭૦૧૩ કુલ્લે કિ,રૂ,૭૫,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૧,૧૭,૦૦૦/- સાથે સ્થળ ઉપરથી પકડી લઈ તેમજ નહિ પકડાયેલ આરોપીઓ નં.(૧) અશરફખાન આબીદખાન પઠાણ રહે : શાહજહા પાર્ક સૈયદવાડી વટવા અમદાવાદ શહેર તથા (૨) રફીક રહે : સૈયદવાડી વટવા અમદાવાદ શહેર (૩) આમીન ઉર્ફે મુન્ડી રહે : દાણીલીમડા અમદાવાદ શહેર (૪) દસ્તગીર ગુલામરસુલ શેખ રહે : નગમા રો હાઉસ સીદીકી મસ્જિદની સામે સૈયદવાડી વટવા અમદાવાદ શહેર નાઓને વોન્ટેડ બતાવી કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



પાસા અટકાયતની વિગત

એરપોર્ટ પોલીસ સ્ટેશન

એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, સાહેબ અ'વાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન,સા અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતીને અટકાવવા તથા પ્રોહીબિશન ની પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે આરોપી પરેશ ઉર્ફે ભોપો ઉર્ફે ઘેટીયો સ/ઓ ડુગરભાઇ સુકાભાઇ રાઠોડ ઉવ. ૨૬ નાઓ વિરુધ્ધ તા-૦૪/૦૭/૨૦૨૧ ના રોજ એરપોર્ટ પો.સ્ટે પાર્ટ સી ગુ ૨ નં-C-11191046210726/2021 મુજબનો ગુનો નોંધાતા સદરી આરોપીના ગુનાહિત ઇતિહાસ બાબતે ઇ-ગુજકોપમાં તથા પોકેટ કોપમાં ચકાસણી કરતા સદરી આરોપી વિરુધ્ધ કૃષ્ણનગર પો.સ્ટેમાં પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૦૫૭૭/૨૦૨૧ મુજબનો ગુનો પણ અગાઉ નોંધાયેલ હોય આમ આરોપી ગુનાહિત માનસિકતા ધરાવતા હોય સદરી આરોપી વિરુધ્ધ એરપોર્ટ પો.ઇન્સ આર.આર.દેસાઇનાઓ દ્વારા એરપોર્ટ પો.સ્ટેના ગુનાના પુરતા પુરાવાઓ એકઠા કરી મે.પો. કમિસાશ્રીનાઓની કચેરી ખાતે સદરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવવામાં આવતા જે પાસા દરખાસ્ત ના દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઇ મે.પો.કમિ સા.શ્રી અ,વાદ શહેરનાઓએ સદરી આરોપી વિરુધ્ધ પાસા હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૪૫૧/૨૦૨૧ તા-૨૯/૦૭/૨૦૨૧ થી મધ્યસ્થ જેલ જુનાગઢ જેલનો પાસા હુકમ કરતા આરોપીને મધ્યસ્થ જેલ જુનાગઢ ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરી પ્રશંસનીય કામગિરી કરેલ છે.

આરોપીનું નામ:

પરેશ ઉર્ફે ભોપો ઉર્ફે ઘેટીયો સ/ઓ ડુગરભાઇ સુકાભાઇ રાઠોડ ઉવ.૨૬ ધધો:મજુરી, રહે.-સંત રોહીદાસની ચાલી રાજાવીર સોસાયાટીની સામે ઠક્કર બાપાનગર નરોડા અમદાવાદ શહેર

આરોપીઓ વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ

(૧) એરપોર્ટ પો.સ્ટે પાર્ટ સી ગુ ૨ નં-C-11191046210726/2021 તા-૦૪/૦૭/૨૦૨૧ મુદ્દામાલ ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા બિયર નંગ મળી કુલ્લે-૭૭૦, કિ રૂ-૧,૦૧,૧૮૦ તથા સ્કોડા ગાડી કિ રૂ-૨૦૦૦૦૦/- તથા રોકડ રૂ-૪૦૦ તથા મોબાઇલ નં-૧ કિ રૂ-૫૦૦૦ મળી કુલ્લે કિ રૂ-૩,૦૬,૫૮૦ ની મત્તાનો મુદ્દામાલ

પાસા દરખાસ્તની કામગીરી કરનાર કર્મચારી :

(૧) પો.ઇન્સ આર.આર.દેસાઇ (૨) અ.હે.કો મનુભાઇ ડાહ્યાભાઇ,
(૩) પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ, (૪) પો.કો વિશ્વજીતસિંહ બળવંતસિંહ.

આરોપીનો ફોટો



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૭૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૧ કેસ કરી, ૭૬ વ્યક્તિઓને ઝડપી, ૨૯૩ લીટર દેશી દારૂ, ૨૮૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૪૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૬૯ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૭૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૭૮/૨૦૨૧**

ઇસનપુરઃ હીરાબહેન ભગવાનદાસ કોષ્ટી (ઉ.વ.૬૦) (રહે. ચિરાગ રો-હાઉસ, તીર્થભુમી ટેનામેન્ટ આગળ, મોની હોટલ પાછળ, ઇસનપુર) એ તા.૨૯/૦૭/૨૦૨૧ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હીરાબહેન તા.૨૫/૦૭/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘોડાસર ખાતે જીવણપાર્ક સોસાયટી સામે આવેલ બેંક ઓફ બરોડાના એ.ટી.એમ.સેન્ટર ખાતે ગયા હતા ત્યારે એ.ટી.એમ.સેન્ટરમાં પ્રોસેસ ન થતા હીરાબહેન પાછળ ઉભા રહેલ પુરૂષે મદદ કરવાનુ જણાવી હીરાબહેન પાસેથી એ.ટી.એમ.કાર્ડ લઇ પીન નંબર જાણી હીરાબહેનની નજર ચુકવી એ.ટી.એમ.કાર્ડ બદલી લીધુ હતુ. આ પુરૂષે તા.૨૫/૦૭/૨૦૨૧ કલાક ૧૦/૧૫ થી તા.૨૬/૦૭/૨૦૨૧ કલાક ૯/૫૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન હીરાબહેનના એ.ટી.એમ.કાર્ડથી જુદા-જુદા ટ્રાંજેકશન કરી કુલ રૂપિયા ૪૦,૪૩૯/- ખાતામાંથી ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૩૭૯/૨૦૨૧**

વેજલપુરઃ રોનકભાઈ યાકુબભાઈ મન્સુરી (રહે. બાગે મસીરા ડુપ્લેક્ષ, વિભાગ-૨ ગઝાલા ફાર્મ પાસે, અંબર ટાવર સામે, ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૨૮/૦૭/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬,૬૬,૦૦૦/- મતાની ચોરી કરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.ડી.ઓડેદરા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૮૦/૨૦૨૧**

નિકોલઃ આશાબહેન વા/ઓ મિતુલભાઈ દેસાઈ (ઉ.વ.૩૨) (રહે. સહજાનંદ એવન્યુ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૧ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસિડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને કાકડીયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી